કાન્તિ ભટ્ટ

## માનવીની ખરી લડાઇ પોતાની જાત સાથે

સુન ત્ઝુ નામના ફિલોસોફરે સરસ વાત કરી છે: ટુ ફાઇટ એની બેટલ વિધાઉટ સ્ટ્રેટેજી ઇઝ ટુ થ્રો અવે ધ વિક્ટરી એટલે કે વ્યૂહ વગર સંઘર્ષ કરવો એ શરૂથી જ વિજાયાને રોકી દેવા જેવી વાતા છે. બીજો નોયમ સુન ત્ઝુએ આપ્યો છે: Know when to fight and not to fight અર્થાત્ કોઇ પણ લડાઇ લડવી જ છે કે અમુક વખતે ચૂપ રહેવું છે એ માણસે જાણી લેવા જેવું છે. કોઇ પણ સંઘર્ષ શાંત્ક્લેજે અને નિર્ણાયક રીતે જ કરવો જોઇએ. ઘણી વખત ન લડવાનો સંકલ્પ વધુ સારો હોય છે. 'આર્ટ ઑફ સ્પિરિચ્યુઅલ વૉરફેર' નામના પુસ્તકમાં સુન ત્ઝુએ સુંદર વાતો કરી છે. તેણે કહેલું કે દરેક માનવીને આજના યુગમાં કે ભવિષ્યમાં માત્ર પોતાના દુશ્મનો અથવા દવલાંબની ગયેલાં સગાવહાલાં કે સ્પર્ધકો સાથે જ લડવાનું નથી, માનવીને જ્યારે બધું જ મળી જાય પછી એક લડાઇ બાકી રહે છે અને એ લડાઇ તેની પોતાની સાથે છે. રોજ માનવી સવારે ઊઠીને પછી દુન્વયી કાર્યોમાં પડે ત્યારે અમુક ગમતાં ન ગમતાં કે પોતાનાં મૂલ્યોની વિરુદ્ધનાં કાર્યો કરવાનું તેને માથે આવે છે. ઘણી વખત મૂલ્યોને નેવે મૂકીને કામ કરવાં પડે છે. એ વખતે તમારાં મૂલ્યોની તમને કિંમત છે એટલે કે તમારો અહમ્ ઘવાયો છે એટલે તમે એનો વિરોધ કરો છો એની સ્પષ્ટતા કરી લેવી જોઇએ. આમ રોજ-રોજ તમારે તમારી સાતેના સંઘર્ષમાં વિજાયી થવાનું છે.

સહનશીલતા: સત્તરમી સદીમાં ઓસાન નામના જપાનના એક પ્રધાનના કુટુંબમાં સો જેટલા કુટુંબીઓ સાથે રહેતા હતા. ઓસાનનો કૂતરો પણ બીજાના કૂતરા સાથે નહોતો ઝઘડતો. આ વાતા જપાની સમ્રાટે સાંભળી. એક વખત ઓસાનને બોલાવીને રાજાએ પૂછ્યું કે તમે બધા આટલા સંપથી રહો છો એનું રહસ્ય શું છે ? ઓસાને ધ્રૂજતા હાથે એક કાગળ લીધો અને એના પર સો વખત એક જ શબ્દ લખ્યો: સહનશીલતા.

પોલીસઓફિસરની ફરજપરસ્તી: રાજકોટ પછી અમદાવાદમાં સ્પેશ્યલ ડેપ્યુટી પોલીસકમિશ્નર તરીકે કામ કરનારા પ્રભાતકુમાર દત્તા જેવા નિષ્ઠાવાન પોલીસઓફિસરો મેં પત્રકાર તરીકે બહુ ઓછા જોયા છે. તેઓ તેમની કચેરીએ ગયા ત્યારે અમદાવાદના એક નાગરિક ફરિયાદ કરી કે તેની ઘડિયાળ ચોરાવાની ફરિયાદ હવાલદાર નથી લેતો. દત્તાએ તરત પોલીસને બોલાવીને પૂછ્યું, 'આની ફરિયાદ કેમ ન લીધી ?

પોલીસે કહ્યું સાહેબ એ માણસની ઘડિયાળ ચોરાઇ હાઇ છે. એ ઘડિયાળ તેણે જ ખરીદી છે એની ખાતરી કરવા બિલ માગ્યુંમ કેટલામાં ખરીદી એપુરાવો માગ્યો; પણ એ જવાબ ના આપી શક્યો એટલે ફરિયાદ નથી લીધી.

દત્તાએ પૂછયું ઘડિયાળની ફરિયાદ માટે બિલ હોવું જરૂરી છે ?

કોન્સ્ટેબલે કહ્યું હા વળી બિલ તો રજૂ કરવું જ જોઇએ ને ?

તરત દત્તાએ પોલીસને કાંડેથી ઘડિયાળ ઝૂંટવી લીધું અને પછી પોલીસને કહ્યું આ ઘડિયાળનું બિલ રજૂ કરીશ પછી જ તને ઘડિયાળ મળશે.

એ દિવસથી પોલીસો જાગ્રત થઇ ગયા

તમારા વાચકો કે ભોક્તા કેટલા ? ઘણા મને પૂછે કે તમે લખો છો તે કેટલા લોકો વાંચે છે ? અંગ્રેજીમાં લખો તો ઘણા વાંચે. મેં તેમને મહાન સંગીતકાર બ્રાહ્મ (Brahm)ની વાત કરી . એક દિવસ હંગેરીના બુડાપેસ્ટ શહેરમાં તેનો સંગીતનો કાર્યક્રમ હતો, પણ કોઇ કારણસર એક જ શ્રોતા હોલમાં આવેલો. આયોજકે સંગીતકારને કહ્યું: સાહેબ આ એક શ્રોતાને પૈસા પાછા આપીને આજનો કાર્યક્રમ મોકૂફ રાખીએ તો ?

સંગીતકારે કહ્યું એ તો પેલા માણાસનું અપમાન કહેવાય. એ નિષ્ઠાવાન શ્રોતા છે. મારે મન તે એક લાખ જેવો છે. તે સંગીત સાંભળવા આવ્યો છે. તેની ઇચ્છા પૂરી કરવી જ રહી.

પછી નિયત સમયે પડદો ખૂલ્યો કે બ્રાહ્મે એવી લગન સાથે સંગીત રજૂ કર્યું જાણે કે હોલ ખીચોખીચ ભરેલો હોય.

પ્રેક્ટિકલ શિખામણ: Either do not attempt at all or go through with it.(કોઇપણ કામ નાછૂટકે હાથમાં લો. કોઇ કામ હાથમાં લો એને પૂરી લગનીથી પૂરું કરો)